ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*થયા હો નારાજ અમ વર્તનથી - માફ કરજો !*
*થયું હોય દુઃખ જરા ય વાણીથી - માફ કરજો !*
*વિચારમાં થઈ હોય ચૂક નાની - માફ કરજો !*
*દુભવ્યાં હોય દિલ મન - કર્મથી - માફ કરજો !*
*(ક્ષમાપના)*

**હાઈકુ**

*થૈ હોય ભૂલ -*
*ઈરાદા વિના પણ -*
*કરજો ક્ષમા !*

*રહે સદ્‌ભાવ -*
*સંવત્સરી નિમિત્તે*
*જય જિનેન્દ્ર!*

### ચિંતન

*અં ભોજિનીવન વિહાર વિલાસા એવ, હંસસ્ય હન્તિ નિતરાં કુપિતો વિધાતા ॥*
*ન ત્વસ્ય દુગ્ધજલ ભેદ વિધૌ પ્રસિદ્ધાં, વૈદગ્ધ કીર્તિમયહ તુર્મસૌ સમર્થઃ ॥*

ઉપરોક્ત શ્લોક ભર્તુહરિના નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

માનવીએ કોઈ બાહ્ય રીતે તો પરેશાન કરી શકે પણ એના સ્વાભાવિક ગુણની જે સ્થિરતા છે એને કોઈ, કોઈ પણ રીતે નુકશાન પહોંચાડી શકાતું નથી એમ દર્શાવવામાં આવ્યું છે.

હંસ ઉપર ક્રોધે ભરાયેલો બ્રહ્મા કમળાના વનમાં તેણે વિહાર કરતા કદાચ અટકાવી શકે, પરંતુ દૂધ અને પાણીને અલગ કરી શકવાની હંસની સ્વાભાવિક શક્તિ, ચતુરાઈ અને સદ્‌ગુણ જે કીર્તિ હંસોને પ્રાપ્ત થઈ છે તેને હરી લેવા તો બ્રહ્મા પણ સમર્થ નથી.

માનવીને કુદરત તરફથી ભેટમાં મળેલ તેના આંતરિક સદ્‌ગુણ અને સ્વભાવ પરથી કોઈ જ ચલિત કરી શકતું નથી.

### સુવિચાર

- સમસ્યા કા અંતિમ હલ માફી હૈ, 'કર દો... યા ... માંગ લો...' - **પ્રશાંત ચૌરસિયા**
- સંબંધ એવા હોવા જોઈએ કે હક માંગવાની ખેવના ન થાય અને શક કરવાની કલ્પના ન થાય - **દિનકર જોષી**
- વીજળી પડવાના બનાવ કરતાં વીજળી પજવાનો ભય વધુ બેચેની આપનારો હોય છે - **જાપાની કહેવત**
- સફરમાં માણસના ઘણા બધાં ગુણની કસોટી થાય છે અને તેની નબળી કડીઓ પળવારમાં પકડાઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ પણ નાના કે મોટા સંકટને પોતાની જિંદગી પરના કે પોતાના પુરુષાર્થ ઉપરના આખરી ચૂકાદારુપે જોવું જોઈએ નહીં - **બોધિવૃક્ષ**
- જે માણસે પોતાની જાતની જ દયા ખાવાને બદલે પોતાની કરુણાનું ઝરણું બીજા મનુષ્યો તરફ વાળે છે તેમની સ્વચ્છતા એકંદરે વધે છે : **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : ઝાડા સાથે લોહી પડતું હોય તો કાચી કેરીની ગોટલનો પાઉડર પા તોલો ચાર વખત દિવસમાં લેવાથી ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વાયોલિન વાદક મેનહન દસેક વર્ષની વયથી જ વાલોલિનનો ઉત્તમ કળાકાર સાબિત થઈ ચૂક્યો હતો. નાના મોટા અનેક પારિતોષિક પ્રાપ્ત કર્યા હતા. જેમાં નહેરુ પારિતોષિકનો પણ સમાવેશ થાય છે. પોતાના દરેક કાર્યક્રમ પહેલા એ માઈક હાથમાં લઈને માનવતાનો સંદેશ આપતો. અને કહેતો 'સૌથી પહેલા હું માનવતાવાદી છું, પછી જ હું સંગીતકાર છું.' શ્રોતાઓને આ વાત જીવનભર યાદ રાખવા મેનહુન વિનંતી કર્યા કરતો. એકવાર મેનહુનનો કાર્યક્રમ જહોનિષબર્ગમાં હતો. કાર્યક્રમ જે હોલમાં હતો તે પ્રેક્ષકોથી હાઉસફુલ થઈ ગયો હતો. મેનહુને છૂપી રીતે પડદા પાછળથી પ્રેક્ષકો ને જોયા. અને એણે નોંધ્યું કે પ્રેક્ષકોમાં સૌ ગોરા અંગ્રેજો આવ્યા હતા. એક પણ કાળો આદમી ત્યાં ઉપસ્થિત ન હતો. આનું કારણ પૂછતાં આયોજકો તેને કહ્યું, 'ગોરા લોકો સાથે કાળા માણસો કંઈ ઓછા બેસી શકે?' મેનહુન સમસમી ઊઠ્યો. રંગભેદની નીતિથી તેનું હૃદય રડી ઉઠ્યું. તેણે માઈક લઈ સ્ટેજ પર જઈ મક્કામતાથી કહ્યું, 'મારું વાયોલિન વાદન તો ગોરાઓ અને કાળાઓ બધા જ લોકો માટે છે, પણ અહીં આવો ભેદભાવ જોઈને હું ખૂબ દુઃખી છું. આથી મારાથી સંગીત પીરસી શકાશે નહીં.' એટલું કહીને સંગીત સંભળાવ્યા વિના જ તે ત્યાંથી બહાર નીકળી ગયો. અને બે દિવસ પછી જહોનિસબર્ગના છેવાડે આવેલા એક મેદાનમાં ફક્ત આફ્રિકનો માટે જાહેરમાં એક મફત કાર્યક્રમ યોજાયો.

# નિયમો એ તમારા અને રમતો એ તમારી

**તંત્રીસ્થાનેથી...**

કોરોના સંક્રમણનું 'શિખર' હજી પંદરેક દિવસ પછી આવશે એવાં તારમો સાથે સંશોધકો ભારતીય પ્રજાને આશ્વાસ્ત કરી રહ્યા છે. ગુજરાતમાં હોટસ્પોટ બનેલાં શહેરોમાં હજી નવા કેસો આવતા રહે છે પરંતુ એમની સરખામણીમાં સાજા થનારાની સંખ્યા વધવા લાગી છે. મૃત્યુ પામનારાઓની સંખ્યા પણ ઘટવા લાગી છે. પરંતુ બીજી દહેશત એ રહે છે કે કોરોના શહેરોમાંથી ઉચાળા ભરીને નગરો અને કસ્બાઓમાં ડેરાતંબૂ તાણી રહ્યો છે. બિહાર જેવા રાજયમાં પરિસ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. આ બધી કઠોર હકીકતો સાથે 'અનલૉક' પ્રક્રિયા આગળ વધતી રહી છે અને હવે શાળા કૉલેજો ખોલવાના મુદ્દે પણ સરકાર ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. પરીક્ષાઓ લીધા વગર યુનિવર્સિટીઓ બારોબાર ડિગ્રી આપી શકે નહીં એવું યુજીસીનું વલણ પણ સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યું છે. કોરોના સાથે જીવવાની આવડત આપોઆપ કેળવાતી જાય છે, પરંતુ હજી આરોગ્યલક્ષી સૂચનો અને આદેશોનું આંશિક પાલન જ જોવા મળે છે. માસ્ક નહીં પહેરનારને હજાર રૂપિયાના દંડની જોગવાઈ કોર્ટના આદેશથી કરવી પડી છે છતાં કેટલાયે લોકો ખુલ્લે મોઢે જાહેર સ્થળોએ અને રસ્તાઓ પર ફરતા જોવા મળે છે. સવિશેષ છેલબટાઉ જુવાન પેઢીને માસ્કથી માઢું ઢાંકી રાખવું ગમતું નથી તો વળી રોજનું કમાઈને રોજ ખાનારા શ્રમિક વર્ગ પાસે કદાચ માસ્ક ખરીદવાની જોગવઆઈ નથી અથવા એના સુધી સરકારી દંડવાળી ધાક અને કોરોનાથી મરી પણ જવાય એવી દહેશત પહોંચી નથી. ગાંધીનગરમાં ચાલી રહેલા બાગબગીચાઓના પુનનિર્માણમાં અને કન્સ્ટ્રકશન કાર્યોમાં જોડાયેલા શ્રમિકોનો સરવે કરવા જેવો છે. મોટા ભાગે એ આખો દિવસ માસ્ક વગર જ ફરતા જોવા મળે છે. 'સોશિયલ ડિસ્ટંસ' કે 'દો ગજ કી દૂરી'નું પાલન તો આપણા નેતાઓ પણ કયાં કરે છે? એમને જાણે પ્રજા માટેના નિયમો લાગુ જ ન પડ્યા હોય એમ તેઓ સભાઓ કરે છે. જોડાજોડ, અડોઅડ બેસે છે અને અડોઅડ ઊભા રહી ફોટા પડાવે છે. નવા વરાયેલા ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ જયાં ગયાં ત્યાં મોટી ભીડ એકઠી થઈ છે. કાર્યકરોનાં ટોળાં એમની આસપાસ 'ખભેખભા મિલાવીને' ભારત માતા કી જય બોલાવે છે. કાર્યકરોને તેઓ બહુ કડક ભાષામાં જૂથબંધીથી દૂર રહેવાની તાકીદ કરે છે. પેજપ્રમુખથી લઈ પ્રદેશ પ્રમુખ સુધીના કાર્યકરોને એમની સક્રિયતા મુજબ જ તક સાંપડશે, એમાં કોઈ નેતાની લાગવગ નહીં ચાલે - એવો સધિયારો બંધાવતા ફરે છે. કોરોના હાંસિયે ધકેલાઈ જાય છે અને સત્તાકારણ કેન્દ્રમાં આવી જાય છે. પોલીસ એમના ભીડભાડ વાળા કાર્યક્રમોની રખેવાળી કરતી રહે છે પરંતુ માસ્ક નહીં પહેરવા બદલ કે 'દો ગજ કી દૂરી' નહીં જાળવવા બદલ કોઈ કાર્યકર સામે પગલાં લેવાની એની હિંમત નથી. આખરે એને તો સરકારની અને સરકાર ચલાવતી શાસક પાર્ટીની સુરક્ષા જ જાળવવાની છે. કોરોના કી ઐસી કી તૈસી. એ નિયમો તો પોથીમાંથી રીંગણા બની ગયા છે. ગણેશ ચતુર્થી નિમિત્તે કે ખોડલધામ જેવા પાટીદારોના પવિત્ર તીર્થનાં દર્શન વખતે પ્રદેશ પ્રમુખની આસપાસ ગોળ પર માખીઓ બણબણતી હોય એમ અસંખ્ય કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓની ભીજ જોવા મળી છે. અદાલતી આદેશ કે સરકારી નિયંત્રણ મુજબ સંખ્યાની તો પ્રદેશ પ્રમુખનો પ્રવાસ સાવ ફિક્કો જ લાગ્યો હોત. એ તમાન નીતિનિયમો કોરાણે મૂકી રેલીઓ પણ નીકળી અને મિટિંગો પણ ભરાઈ. આ બધું પાછું ટીવી ચેનલો પર અને અખબારોનાં પાનાં પર નિહાળીને ઘણાને એમ પણ થતું હશે કે કોરોના ગુજરાતમાંથી નાબૂદ થઈ ગયો કે શું ? કોરોના-કોરોના કરીને હાથ જોડીને બેસી રહેવાનું નેતા લોકોને થોડું પોસાય ? નીતિ નિયમો અલબત્ત, પ્રજાની સુખાકારી માટે બનાવાતા હોય છે, પણ એ તો પ્રજાને પાળવાના હોય! કોણ જાણે આવી માનસિકતાને કારણે કોરોના પર કાબૂ મેળવવાનો મનસૂબો કયારે પાડ પડશે ! આ દશ્યો જોતા તો લાગે છે કે, નિયમો એ તમારા અને રમતોએ તમારી... પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી માધ્યમોમાં પ્રજાજોગ સામાજિક અંતર જાળવવા માટે અપીલો કરે છે જયારે પ્રદેશ પ્રમુખની સ્વાગત રેલીમાં નિયમોના ધજાગરા ઉડ્યા હતા.

# આ મધરટંગ અને અધરટંગ વચ્ચેનો જંગ છે!

**આરપાર**



રાઘવજી માધડ

અખાએ કહ્યું હતું :ભાષાને શું વળગે ભૂર,રણમાં જીતે તે શૂર ! વરસો પછી પણ અખાનું કહેવું ચરિ તાર્થ થતું હોય એવું લાગે છે.કારણ કે આજે બોલી,ભાષા ને માતૃભાષા રણચંડી માફક શિક્ષણનાં મોકળા મેદાનમાં મોરચો માંડીને ઉભી છે.નવી શિક્ષણનીતિમાં પ્રથમ પાંચ ધોરણ સુધી માતૃભાષા કે સ્થાનિક ભાષા માં ભણાવવાં જણાવ્યું છે.જે આવકાર્ય છે.પણ સ્થાનિક ભાષા અને માતૃભાષાને એક સમજવી કે અલગ?પ્રશ્ન મૂંઝવે એવો છે.ગુજરાતમાં જ્ઞાતિ,સમૂહ,વિસ્તાર મુજબ અનેક સ્થાનિક ભાષા,બોલી પ્રવર્તે છે.વરસો પહેલા આવી ભલામણ મુજબ આદિવાસી વિસ્તારની સ્થાનિક ભાષાઓ અનુસાર પાઠ્યપુસ્તકોનો અમલ કરવાના સફળ પ્રયાસો,અસફળતા રહ્યા હતા.વળી મોટો મુદ્દો ભાષાશિક્ષકનો છે.દરેક સ્કુલને,ગુજરાતી,હિન્દી,અંગ્રેજી અને સંસ્કૃત ભાષાનો સક્ષમ શિક્ષક મળવા જોઈએ.જો ભરતીમાં આ સંતુલન ન જળવાય તો ભાષા, વિદ્યાર્થી અને શિક્ષણ પૂરતો ન્યાય મળી શકે નહીં. ભાષાના અદ્ધકચરા શિક્ષણથી ગુણવત્તા સતત ગબડતી રહેશે !

નવી નીતિમાં માતૃભાષા પર ભાર મૂક્યો તેમાં નવું શું છે ! આ ઘસાઈ ગયેલી કેસેટ છે.તંત્રની સ્કૂલોમાં વરસોથી માતૃભાષા ભણાવાઈ રહી છે છતાં સૌથી નબળું પરિણામ માતૃભાષાનું આવે છે.તેમાં શું ખૂટ્યુંને ક્યાં તૂટ્યું એ તપાસવા જેવું છે. નિદાન અને સમજ વગરની સારવાર પણ નિષ્ફળ નીવડતી હોય છે.આઝાદીના સાત દાયકા પછી પણ માતૃભાષાનું શિક્ષણ સમૃદ્ધ કરી શક્યા નથી,તેમાં વળી તંત્ર અંગ્રેજી માધ્યમની સ્કૂલો શરુ કરી રહ્યું છે ! અંગ્રેજીનું જ્ઞાન અનિવાર્ય છે.પણ માતૃભાષાના ભોગે નહીં.માતૃભાષા ફરજિયાત થવી જોઈએ.આવું નહીં થાયતો ભવિષ્યમાં ભાષા નિમિતે ભાગલાં પડશે ને એકતા જોખમાશે !

આપણે જીભનાં માણસ માત્ર બોલી જાણીએ છીએ.સંસ્કૃતને દેવભાષા કહીએ છીએ પણ સવા કરોડ ભારતીયોમાંથી સંસ્કૃત સમજી,બોલી શકે એવાં કેટલાં !? ભાષા માત્ર જીભ પર નહી,જીવ ને જીવનમાં આવે તો જ જીવે.કોઈ ફિલસુફે કહ્યું છે:કોઈ ભાષા મરી પરવારે ત્યારે તેની સાથે સંકળાયેલા વિચારો, સભ્યતા, ધાર્મિક માન્યતાઓ,રહેણીકરણી તથા જીવનના મૂળભૂત સિદ્ધાંતોનો પણ અગ્નિસંસ્કાર થઈ જતો હોય છે !

મોટાભાગના વાલીઓ માને છે કે,સંતાનને અંગેજી માધ્યમમાં ભણાવવાથી તેનો વિકાસ થાય છે ને ગુજરાતીમાં ભણાવવાથી આગળ જતા વિકાસ અટકે છે.જે સર્વથા સાચું નથી.અન્ય ભાષા શીખવા માટે પણ માતૃભાષા પાયો છે. પાયો નબળો હોય તે ઈમારત ઝંઝાવત સામે ક્યારેય ઝીંક ઝીલી શકે નહીં.

આજે અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ભણાવતાં ઘણાખરાં આઉટસ્ટેટના શિક્ષકો સ્થાનિક ભાષા જાણે છે ખરાં? દા.ત.કોઈ ગુજ્જુને 'બફેલો' શીખવવો હોયતો તે'ભેંસ'શબ્દથી અવગત હોવો જોઈએને !? અધરટંગ શીખવા પણ મધરટંગનું જ્ઞાન અતિ જરૂરી હોય છે.વળી અંગ્રેજી જાણતાં હોયતે સારું કે સાચું અંગ્રેજી ભણાવી શકે એ પણ સાવ સાચું નથી. જો એવું હોય તો બધાં જ ગુજરાતીઓ ભાષાશિક્ષક બની શક્યા હોત !

ફાધર વાલેસ મૂળ સ્પેનિસનાને ગણિતના અધ્યાપક.પણ ઉત્તમ ગુજરાતી-ગદ્ય આપ્યું.હવે ભણવાનું માધ્યમ માતૃભાષા કે અંગ્રેજી હોવું જોઈએ એ મુદ્દો હાસ્યાસ્પદ લાગે છે.હા,અન્ય દેશોમાં આ મુદ્દો જ નથી. ત્યાં માતૃભાષાનું મહત્વ ને મમત્વ સવાયું છે.હવે તો જે ભણે,જેમાં ભણે તે શ્રેષ્ઠ અને બેસ્ટ હોવું જોઈએ. આ કોન્ટીટીનો નહી, ક્વોલિટીનો યુગ છે. બાકી તો ભાષાને શું વળગે ભૂર...

**છેલ્લે :**

**આપણે કહીએ છીએ,દષ્ટિ એવી સૃષ્ટિ.પણ ચશ્માં ખરીદી શકાય,દષ્ટિ ખરીદી શકાતી નથી.દષ્ટિ તો દરેકની પોતાની હોય છે !**

# નવી શિક્ષણનીતિ કેવી હોવી જોઈએ?

**મોરપીંછના રંગ**



ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોનાએ વિશ્વના અનેક દેશોની અનેક નીતિઓને બદલી નાખી છે. એમાંય ખાસ કરીને ભારતમાં શિક્ષણ ક્ષેત્રે આની ખૂબ જ ઊંડી અસર પડી છે. કોરોનાના આરંભે તો એકાદ બે મહિના શિક્ષણ બંધ રહ્યું ત્યા સુધી તો બધાને એમ હતું કે થોડા સમયમાં બધું યથાવત થઈ જશે પણ પછી કોરોનાનો કહેર વધતા હવે સૌને એની ગંભીરતાનો ખ્યાલ આવ્યો છે. જો કે કોરોના તો આમેય નિમિત્ત બન્યો છે. ભારતીય શિક્ષણનું આખું માળખું જ પહેલેથી બદલવાની જરુર હતી. પણ પહેલ કોઈ કરતું નહોતું. અને કોરોનાને કારણે કંઈક નવું કરવું એવા આશયથી આ માળખું હવે બદલાયું છે. તો ય જો કે આ નવા માળખામાં માત્ર વર્ષના સ્લેબ અને સિસ્ટમ બદલાઈ છે. પણ એના પરિણામો તો એવા જ મળવાના છે જે પહેલા મળતા હતા. કેમ કે સાચું શિક્ષણ તો વ્યક્તિને સર્વાંગી શિક્ષિત બનાવે એવું હોવું જોઈએ.

આપણા ભારતીય શિક્ષણની સૌથી મોટી ઊણપ હોય તો એ છે કે એ માત્ર ક્લાસરૂમમાં અપાય છે. પુસ્તકોમાંથી અપાય છે. અને હવે ઓનલાઈનથી અપાશે. પણ આનાથી ફેર શું પડશે ? કશો જ નહીં. શિક્ષણનો મૂળ પાયો છે એનો સિલેબસ. અભ્યાસક્રમ. આપણે ત્યા આ સિલેબસના ધારા ધોરણો દેશહિતને ધ્યાનમાં રાખીને નહીં, વ્યક્તિ, પક્ષ કે કોઈ વિચારધારાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. અને ઘણા રાજ્યોમાં તો આ સિલેબસ એવા શિક્ષકો કે અધિકારીઓ કે વિદ્વાનો બનાવતા હોય છે કે જો એમની ખૂદની પરીક્ષા લેવાય તો એ નાપાસ થાય. ગુજરાતમાં પણ એવું છે. આ સિલેબસના પુસ્તકોમાં સમીક્ષા કરનાર, પરામર્શન કરનાર એવા શિક્ષકો કે અધ્યાપકો કે વિદ્વાનો હોય છે કે તેઓ ખૂદ કૉપી કરીને કે માંડમાંડ પાસ થયા હોય છે અથવા કોઈની ભલામણથી આવી સમિતિઓમાં ગોઠવાઈ જતા હોય છે. અથવા મોટી ડિગ્રી છે અને વૃદ્ધ છે એટલે સમાવવામાં આવ્યા હોય છે. અને પછી પોતાને લાગતા વળગતા લેખકોની રચનાઓ લઈને આવે છે. લગભગ બધા જ ધોરણોમાં વર્ષોથી આવું ચાલ્યું આવતું હોય છે જુના અભ્યાસક્રમોનું એ જ બધું રાખીને થોડું કંઈક નવું બદલવામાં આવે છે. ખરેખર તો આ શિક્ષણનો સિલેબસ નક્કી કરનાર ડિગ્રીધારી ખૂદ ઘણીવખત અશિક્ષિત હોય છે. તેથી સૌથી પહેલા આ સિલેબસની પસંદગી માટેના ધારાધોરણો બદલવા જોઈએ. પછી આવે છે એને શીખવનાર શિક્ષકો. અમુક સારા શિક્ષકોને બાદ કરતા મોટાભાગના શિક્ષકો શિક્ષક કંઈ રીતે બન્યા છે તે તેઓ અને સરકાર બન્ને જાણે છે. તેથી કોઈ કોઈને કશું કહી શકતું નથી. તેથી આવા શિક્ષકો શું શિક્ષણ આપતા હશે ? જેઓએ પાઠ્યપુસ્તક સિવાય કશું વાંચ્યું નથી. એમની પાસેથી વિશેષ જ્ઞાનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ?

વિદ્યાર્થીઓને ખરેખર જે શિક્ષણ આપવાનું છે તે તો આજે અપાતું જ નથી. આપણે ત્યા વર્ષોથી અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે શાળા કોલેજ અને યુનિવર્સિટીનું શિક્ષણ અપાય છે. પણ આપણા અને એમના ગ્રંથો ને અધ્યાપકોમાં ફેર હોય છે. માનસિકતામાં ફર્ક હોય છે. આજે દેશની શૈક્ષણિક પરિસ્થિતિ એટલી બધી બગડી ગઈ છે કે મોટી ડિગ્રીઓનું પણ કોઈ મૂલ્ય રહ્યું નથી. ભારતની શિક્ષણ વ્યવસ્થા માત્ર શિક્ષિત બેકારોની સંખ્યા દર વર્ષે વધારી રહી છે. બે ચાર વ્યાવસાયિક અભ્યાસક્રમોને બાદ કરતા કોઈપણ અભ્યાસકર્મ એવો નથી કે જે લેવાથી વ્યક્તિ પોતાનું ભવિષ્ય સૂરક્ષિત બનાવી શકે. ગ્રેજ્યુએશનના ચાર વર્ષ, ઉપર માસ્ટર ડિગ્રીના બે વર્ષ અને કદાચ ઉપર એમ.ફીલ. કે પીએચ.ડીના બે ને ત્રણ વર્ષ. અને છતાંય વ્યક્તિને નોકરી શોધવી પડે. સાત આઠ કે દસ હજારમાં નોકરી કરવી પડે એ કેવી કરુણતા કહેવાય ? એ માટે જ આપણું શિક્ષણ માત્ર ગ્રંથોનું જ્ઞાન આપે છે. વ્યાવસાયિક કુશળતા નહીં.

હવે ૨૧મી સદી આવી ગઈ છે. બે દાયકા પુરા પણ થઈ ગયા છે. નહીં બદલાયેલા લોકોને કોરોનાએ બદલાઈ જવાની સૂચના પણ આપી દીધી છે. કેમ કે આ કોરોનાના કપરા કાલળમાં અનેક શિક્ષિતોની નોકરીઓ જતી રહી છે. અને જેઓની દસ વીસ હજારના પગારની માનસિકતા છે. જેઓ સરકારી નોકરીની રાહમાં વર્ષો બગાડે છે તેઓની કોરોનાકાળમાં કપરી હાલત થઈ હતી. આમ છતાંય હજી માનસિકતા બદલાશે નહીં. આપણા શિક્ષણે ધોરણોના, વર્ષોના સ્લેબ બદલ્યા પણ મૂળભૂત શિક્ષણ જે આપવાની જરૂર છે એનું શું ? છ મહિને કે વર્ષે લેવાતી પરીક્ષાલક્ષી શિક્ષણ વ્યક્તિને પરિણામલક્ષી બનાવી દે છે અને પરીક્ષાની માર્કશીટમાં તો ગમે તે થઈ શકે છે. વ્યક્તિની પોતાની પ્રતિભાનું શું ?

આપણે ત્યા ૨૫/૩૦ વર્ષનો યુવાન ગ્રેજ્યુએટ થઈને કે પોસ્ટગ્રેજ્યુએટ થઈને નોકરી જ શોધશે. એને પોતાનો વ્યવસાય કરવાનો વિચાર જ નહીં આવે. આ વિચારધારાને કોણ બદલશે ? ભારત પાસે આટલી મોટી વિશાળ યુવાશક્તિ છે. જો ખરેખર દેશને આત્મનિર્ભર બનાવવો હોય તો આ બધા યુવાનોની પ્રતિભાને સાચા અર્થમાં યોગ્ય રીતે ઉપયોગમાં લઈને દુનિયાનું સૌથી મોટું બિઝનેશ સેન્ટર અહી બનાવી શકાય છે. પણ અફસોસ છે કે આપણી યુવા પ્રતિભાઓ વિદેશોમાં શિક્ષિત થઈને વિદેશોમાં જ સ્થાયી થઈ જાય છે. પણ અહી કોઈ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર આ માટે કોઈ નક્કર કાર્યયોજના લાવતી નથી. દરેક રાજ્ય સરકાર પાસે ઈન્ફાસ્ટ્રક્ચર છે. પાવર છે, તો પછી દરેક શહેરોમાં બિઝનેશ સેન્ટરો ખોલીને યુવાનોને એની તાલીમ અપાય એવું કેમ નથી વિચારાતું ? આ સંદર્ભેની સરકારી યોજનાઓનું કેટલું અમલીકરણ કંઈ રીતે થાય છે એ પણ સૌ જાણે છે.

આજનો યુવાન પોતાના પરિવારને સારું જીવન આપવા માટે ગમે તેટલી મહેનત કરવા ઈચ્છે છે. એનામાં ટેલેન્ટ છે પણ એને તક મળતી નથી. આવી નવી તકો દરેક રાજ્ય સરકારે ઊભી કરવી જોઈએ. સરકાર અનેક ટેન્ડરો, યોજનાઓ, પ્રકલ્પોની જાહેરાતો આપે છે પણ લાખો યુવાનોને રોજગારી મળે એવી કોઈ યોજના કે પ્રકલ્પની શોધ સરકારે કરવી જોઈએ. આ અંગેનું માર્ગદર્શન લેવું જોઈએ, આ નવી દુનિયા છે. લોકોને લાખો કરોડોની લોનો આપીને એની સબસીડી આપીને કોણ પગભર થાય એ સૌ જાણે છે. પ્રત્યેક યુવાન પગભર થઈ શકે એવી યોજનાઓને પ્રોત્સાહન મળવું જોઈએ. આ અંગે શિક્ષણ વિભાગે સમિતિ બનાવીને સમગ્ર દેશમાં ગુજરાતને મૉડેલ તરીકે જાહેર કરીને વ્યાવસાયિક અભ્યાસક્રમો અને યોજનાઓ જાહેર કરવી જોઈએ. હવે નવા બિઝનેશના વિકલ્પો ઊભા કરવા પડશે. જુના બિઝનેશ મૉડેલ હવે બદલવા પડશે, અને માતૃભાષાની જેમ હાઈસ્કૂલથી દરેક કક્ષાએ બિઝનેશના વિષયોને સામેલ કરવા પડશે. ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપવું પડશે. માત્ર નોકરીલક્ષી શિક્ષણમાંથી જ્યારે વિદ્યાર્થીને મૂક્તિ મળશે ત્યારે સાચો વિકાસ થયો લેખાશે. આપણા અસંખ્ય જુના વ્યવસાયો આજે લૂપ્ત થઈ રહ્યા છે. જેમાંથી લાખો લોકોને રોજગારી મળતી હતી. તો હવે નવા યુગની નવી વ્યવસ્થા પણ સ્વીકારી,સમજીને એને સર્વવ્યાપી બનાવવી પડશે. આવનારી નવી પેઢી માટે નવા ઉધોગોનું નિર્માણ કરવું પડશે. અને આ બધુ નવી શિક્ષણનીતિ દ્વારા ખૂબ ઝડપથી થઈ શકે છે. નવા અભ્યાસક્રમો, નવી નીતિ, નવી માનસિકતા સાથે અમલ થશે તો ચોક્કસ નવા પરિણામો મળશે.

દરેક જુની પરંપરા નષ્ટ થાય તો જ નવી પરંપરા અમલમાં આવે છે. આ કોરોનાએ દુનિયાને એ જ શીખવ્યું છે કે હવે નવી દુનિયાનો આવિષ્કાર થઈ ચૂક્યો છે. નવા પરિવર્તનો આવી રહ્યા છે. જે એને જેટલી ઝડપથી સ્વીકારશે એટલું સરળ જીવન જીવી શકશે. અસ્તુ.


9426060601.india@gmail.com

# બાય બાય 'માહી'...!!!





**રઝળપાટ**



અજય ઉપાધ્યાય

૨૪ સપ્ટેમ્બર ૨૦૦૭...આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપનો ફાઈનલ મેચ..કટ્ટર પ્રતિસ્પર્ધી ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈ-વૉલ્ટેજ મેચ...ભારતે પહેલી બેટિંગ લઈને ગંભીરના ૭૫ રનની મદદથી ૧૫૭ બનાવ્યા, જવાબમાં પાકિસ્તાનની ૧૦૭ માં ૭ વિકેટ તો પડી ગઈ પણ પછીથી મિસબાહે પુછડિયાઓની મદદથી સ્કોર એટલો આગળ વધારી દીધો કે છેલ્લી ઓવરમાં માત્ર ૧૩ રનની જરૂર હતી અને વિકેટ બચેલી એક. કપ્તાન ધોનીએ ભરોસાપાત્ર હરભજનને બદલે ઓછા અનુભવી જોગિંદરના હાથમાં દડો આપ્યો અને રેસ્ટ ઈઝ ધ હિસ્ટ્રી !! જોગિંદરના બોલ પર શ્રીસંતના હાથે કેચઆઉટ થતાં જ ભારતીય ફેંસ અને જોહનિસબર્ગનું આખું સ્ટેડિયમ ઝૂમી ઉઠ્યું. ધોનીએ કેમ આવું રિસ્ક ઉઠાવ્યું એના જવાબમાં રાજદીપ સરદેસાઈની બુક'લોકતંત્ર' માં ધોનીને એમ કહેતો ટાંકયો છે કે જોગિંદરનો પાક ખેલાડીઓને બહુ અનુભવ નહોતો ઉપરાંત એની પાસે સ્લોબોલનું હથિયાર પણ હતું. ખેર આ તો જાણીતી વાત છે પણ ટ્રોફી જીત્યા પછી ધોની તો એની ચીરપરિચિત કુલ સ્ટાઈલમાં મેદાન પર હતો અને ટીમ જ્યારે જીતનો જશ્ન મનાવતી હતી ત્યારે ધોનીએ ટિમ ઈન્ડિયાની પોતાની ટીશર્ટ ઉતારીને એક બાળકને આપી દીધી...! ગાંગુલીએ ૨૦૦૨ની નેટવેસ્ટ ટ્રોફીમાં ટીશર્ટ કાઢીને લહેરાવેલું કઈક એવું જ ધોનીએ પણ કરેલું..!

નિવૃતિ માટે આવી જ આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપની રાહ જોઈ રહેલા ધોનીને કોરોનાને કારણે એક વર્ષ સુધી મુલતવી રહેલા વર્લ્ડકપ સુધી રાહ જોવી ઠીક ના લાગી અને અંતે કેપ્ટન કુલે ૧૫ ઓગષ્ટે નિવૃતિ જાહેર કરી દીધી. મેદાન પર સરપ્રાઈઝિંગ નિર્ણયો માટે જાણીતા ધોનીએ નિવૃતિમાં પણ આવી જ સરપ્રાઈઝ આપી. રાંચી જેવા નાના શહેરમાથી વિશ્વફલક પર છવાઈ જવાની ધોનીની કહાની કોઈ પ્રેરણા અને મોટીવેશનથી કમ નથી. જનરલી સરકારી નોકરી તરફ નજર રાખતા પ્રદેશમાથી આવીને ક્રિકેટજગતનો સિતારો બનવા સુધીની ધોનીની સફર ઓછા ઉતાર અને વધુ ચડાણવાળી જ રહી છે. મૂળે પહેલો પ્રેમ ફૂટબોલ ધરાવનાર અને કદાચ એટ્લે જ તેઝ રફતારથી વિકેટ વચ્ચે દોડવાની કાબેલિયત મેળવનાર એક સમયે સુક્કલકડી બાંધાવાળો ધોની આંખના પલકારામાં સ્ટંપિંગ કરતો અને વિકેટ પર ચિત્તાની ઝડપે દોડતો થઈ ગયો તો એની પાછળ એનો અગાથ પરિશ્રમ અને ઝૂઝારું સ્વભાવ કારણભૂત છે.

મેદાન પર ગમે એટલું ટેન્શન હોય કે વિકટ પરિશ્થિતી હોય તો પણ મગજને શાંત રાખીને, ચહેરા પર તણાવ દેખાડયા વગર પણ કુલ રહેવું એ ધોનીની ખાસિયત હતી. ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડકપ વખતે ટીમના કોચ રહેલા લાલચંદ રાજપૂતની આ વાત સમજવા જેવી છે કેહ્ન ધોની દરેક દિવસને જીવે છે કદાચ એટ્લે જ એને જીતનો કોઈ દંભ નથી હોતો કે હાર નો કોઈ ગમ નથી હોતો " અને આ વાતની સાબિતી તો ઘણા બનાવોમાં મળી છે. ૨૦૧૧ના વર્લ્ડકપમાં પોતાના બેટમાથી નીકળેલી સિક્સરથી ૨૮ વર્ષ પછી ભારતને વિશ્વકપ જિતાડવાની ગૌરવશાળી ક્ષણે પણ ધોનીના ચહેરા પર એ જ કુલનેસ હાજર હતી. વિશ્વકપની ઉજવણી ખેલાડીઓના હાથમાં આપીને અને વિશ્વકપ સચિનને નામ કરીને આ ભાઈ તો નિર્વિકારપણે પેવેલિયન બાજુ રૂખ કરી ગયેલા. ધોનીના દિમાગમાં ઓન અને ઓફ ફિલ્ડ શું ચાલી રહ્યું છે તે જાણવાની કોશીશો બધા જ કરતાં રહ્યા પણ સાક્ષી સાથે લગ્ન હોય કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાથી નિવૃતિ હોય કે પછી વિશ્વકપ પછી માથું મુંડાવવાની વાત હોય ધોનીએ હમેશા બધાને ચોકાવ્યા જ છે.

રિટાયરમેંટની જાહેરાત કરતાં વિડિયોના બેકગ્રાઉંડમાં વાગતું ગીત 'મૈ પલ દો પલ કા શાયર હું' ધોનીની આટલી શાનદાર સફર ખરેખર પલ દો પલ માં પૂરી થઈ ગઈ હોય એનું તાદશ ચિત્રણ છે. બાંગ્લાદેશમાં પહેલી મેચમાં રનઆઉટથી શરૂ થયેલી ધોનીની સફર ન્યૂઝીલેન્ડ સામે વિશ્વકપના સેમીફાઈનલમાં રનઆઉટ થવા સાથે પૂરી થઈ એ બંને ઘટનાઓની વચ્ચે ક્રિકેટરસિકોએ એક આખોહ્ન ધોની-યુગહ્ન જીવી લીધો...માણી લીધો..! હમણાં જ અપમૃત્યુ પામેલા શુશાંતસિંઘના શાનદાર અભિનયવાળી ફિલ્મહ્ન ધોની - ધ અનટોલ્ડ સ્ટોરીહ્ન માં આમ તો ધોની કઈ રીતે ટીમ ઈન્ડિયા સુધી પહોચ્યો એનું ચિત્રણ તો છે જ પણ ધોનીએ જે રીતે ટીમમાં પોતાની સ્પેસિયલ જગ્યા બનાવી એટલું જ નહીં પણ વિવાદો વચ્ચે પણ ટીમને ત્રણ પ્રતિષ્ઠિત ટ્રોફીઓ જીતાડી એ કહાની કોઈ પણ ઊગતા ક્રિકેટર માટે પ્રેરણાસ્ત્રોત્રથી કમ નથી જ. ધોનીની સ્ટોરી એક વાત તો ચોક્કસ શીખવે છે કે સફળ થવું હોય તો કશુક ખાસ વિકસાવો (ધોનીનો હેલિકોપ્ટર શૉટ અને વીજળીક સ્ટંપિંગ કે રનિંગ બીટવિન ધ વિકેટ એના ઉદાહરણો છે) અને એના માટે હાર્ડવર્ક કરો - સતત કરતાં રહો...પોતાની કાબેલિયત પર ભરોશો રાખો... હાર કે જીતની ફરવા કર્યા વગર સાહસિક નિર્ણયો લેતા શીખો અને મોસ્ટ ઈમ્પોર્ટેંટ કે દરેક પરિશ્થિતિમાં સ્થિર રહો.

૨૦૦૦ ના અંડર-૧૯ વિશ્વકપ માટેની ટીમ જેના આધારે પસંદ થવાની હતી એ સી.કે. નાયડુ ટ્રોફીમાં જો ધોનીએ અજય રાત્રા કરતાં વધારે ૨ન બનાવ્યા હોત તો ધોની એ વર્લ્ડકેપની ટીમમાં હોત અને માહી મેનીયા વહેલો છવાઈ ગયો હોત. પછીથી એ વર્લ્ડકપ ભારતે મોહમ્મદ કેફની આગેવાનીમાં જીતેલો. એ પછી ચાર વર્ષે ધોનીની ટીમ ઈન્ડિયામાં સામેલ થયો. સોળેક વર્ષની લાંબી કેરિયરમાં એવું નથી કે ધોની સાથે અને ધોની દ્વારા બધુ સારું જ થયું છે, મોટાભાગે મેદાન પર અને મેદાન બહાર પોતાના સંયમિત વહેવાર માટે જાણીતા ધોનીના નામે વિવાદો પણ છે જ. ૨૦૧૧-૧૨ ની સીબી સીરિઝ વખતે ધોનીએ કહેલું કે સહેવાગ, સચિન અને ગંભીર ત્રણેયને એકસાથે ટીમમાં રાખી ના શકાય કેમકે ત્રણેય મેદાન પર ઘણા ધીમા છે. પછીના થોડા માહિનામાં સચિને નિવૃતિ લીધી અને સહેવાગ –ગાંગુલીને ખરાબ ફોર્મના બહાને પડતાં મુકાયા. યુવરાજના પિતાએ અને શ્રીસંતના પિતાએ પણ ધોની પર પોતાના દીકરાઓની કેરિયર ખતમ કરવાનો આરોપ લગાવેલો. ૨૦૧૩ માં આઈપીએલ ના સ્પોટ ફિકસીંગકાંડમાં પણ ધોનીનું અને એની પત્ની સાક્ષિનું નામ ઉછળેલું કે જેનો હજુ કોઈ ચોક્કસ ફેંસલો આવવો બાકી છે. વર્લ્ડકપ પછીથી તરત જ ઓસ્ટ્રેલીયા અને ઈંગ્લેન્ડ સામે ૪-૦ થી હાર પછી ધોનીને હટાવીને સેહવાગને કેપ્ટન બનાવવાનું સૂચન કરનાર પસંદગીકાર મોહિન્દર અમરનાથની હકાલપટ્ટી પાછળ પણ ધોનીનું નામ જ આવેલું. ખેર વિવાદો અને સેલેબ્સને હમેશા સંબંધ રહ્યો છે પણ સ્ટંપ પાછળથી સંભળાતો અવાજ...વિકેટો પરની દોડ....શાંત દિમાગ...સરપ્રાઈઝિંગ મુવ્ઝ... અને 'ઈટ વોઝ એ ગ્રેટ ફિનિશ' માટે ધોની હમેશા યાદ રહેશે...!